# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-07-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## વડોદરા જિલ્લાના પાદરમાં પુલ પડવાની ઘટના

વડોદરા જિલ્લામાં પાદરા નજીક ગઇકાલે વહેલી સવારે પુલનો એક ભાગ તૂટી પડવાની ઘટનામાં નવ લોકોના મોત થયા. નવ લોકોને બચાવીને પાંચને સારવાર માટે ખસેડાયા હતા. ઘટનાને પગલે વડોદરા જિલ્લા વહીવટીતંત્ર સહિત સ્થાનિક અધિકારીઓએ યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-**NDRF** ની એક ટીમને ખાસ સાધનો સાથે તૈનાત કરવામાં આવી છે. દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં બ્રિજ દુર્ઘટના અંગે મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા હતા. બેઠકમાં મુખ્યમંત્રીએ પૂલ તૂટી પડવા અંગે મુખ્યમંત્રીએ અધિકારીઓ પાસેથી પ્રાથમિક અહેવાલ પણ માંગ્યો **હતો**.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિના વારસદારને 4 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ઉપરાંત તમામ સારવાર વ્યવસ્થા પણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ કરી મૃતકોના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ-**P.M.N.R.F.** માંથી બે લાખ અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી.

**---------------------------------------------------------------------------------------**

## અસામાજિક તત્ત્વો સામે પોલીસની કડક કાર્યવાહી

અસામાજિક તત્વો સામે રાજ્ય પોલીસની કડક કાર્યવાહી યથાવત છે. અઢી મહિનામાં અસામાજિક તત્વોના 586 ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવ્યા છે. જ્યારે એક હજાર 857 ગેરકાયદેસર વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા છે. રાજ્યના પોલીસ વડા વિકાસ

સહાયે માહિતી આપતા જણાવ્યું હતું કે 434 રીઢા ગુનેગારોના જામીન રદ કરવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે 15 માર્ચથી અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરતાં વિશેષ અભિયાન શરૂ કરવાં આવ્યું હતું.

---

## કચ્છભરમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી

આજે અષાઢ પૂર્ણીમાને દિવસે જિલ્લાભરમાં ગુરૂપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી થશે. જિલ્લામથક ભુજ સહિત તાલુકાના વિવિધ સ્થળોએ આ અવસરે પૂજન, મહાઆરતી, અભિષેક, વૈદિક પાઠ, સ્તવન, ગુરૂપૂજન સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

---

## દવાની દુકાનોમાં પોલીસની તપાસ

રાજ્યભરની દવાની દુકાનોમાં પોલીસે દરોડા પાડીને તપાસ હાથ ધરાઇ. જેમાં પ્રિસ્ક્રિપ્શન વિના દવાઓનું વેચાણ કરતા દુકાન માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તમામ શહેર અને જિલ્લાઓમાં સ્થાનિક ગુના શાખા સહિતની ટીમ દ્વારા ઠેર ઠેર દરોડા પાડવામાં આવ્યા.

ભુજ શહેરની વિવિધ મેડિકલની દુકાનોમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં ત્રણ દુકાનમાં નિયમભંગ જણાઇ આવતા કાર્યવાહી કરવામાં આવી હતી. દરમિયાન પુર્વ કચ્છની ગાંધીધામ પોલીસ દ્વારા નશાકારક સીરપ અને ગોળીઓના વેંચાણ પર લાલઆંખ કરીને ગતરોજ મેડિકલ સ્ટોર્સ સહિતના અન્ય સ્ટોર પર પણ તપાસ આદરી હતી, જેમાં નશાકારક સીરપ સાથે ઈલેક્ટ્રોનીક સિગારેટનો જથ્થો પણ ઝડપાયો હતો.

---

## ક્રિકેટ

ભારત અને ઇંગ્લેન્ડની ટીમો વચ્ચેની પાંચ ટેસ્ટ મેચની શ્રેણીની ત્રીજી મેચ આજે લંડનના લોર્ડ્ઝ મેદાન પર રમાશે. બન્ને ટીમોએ એક એક મેચ જીતી શ્રેણી સરભર કરી છે. આજે મેચનો આરંભ ભારતિય સમય મુજબ બપોરે સાડા ત્રણ વાગ્યે શરૂ થશે.

-----------------------------------------------------------------------------------

## વરસાદ

કચ્છમાં છેલ્લા એક પખવાડિયા કરતાં વધુ સમય સુધી વિવિધ વિસ્તારોમાં વરસાદી ગતિવિધિ જોવા મળ્યા બાદ છેલ્લા બે દિવસથી ઝરમરને બાદ કરતાં ઉઘાડનો માહોલ જોવા મળી રહ્યો છે. હજુ આગામી થોડા દિવસ વરાપની આ સ્થિતિ યથાવત્ રહે તેવી સંભાવના હવામાન વિભાગે દર્શાવી છે. તડકો નીકળવા સાથે પૂર્ણ ઉઘાડની સ્થિતિ રહેતાં જગતના તાત એવા ધરતીપુત્રોએ વાવણીકાર્યને વધુ ગતિમાન બનાવ્યું છે.

ભુજ, અંજાર, ગાંધીધામ સહિત જિલ્લામાં અન્ય સ્થળે મહત્તમ પારો 32થી 34 ડિગ્રી વચ્ચે નોંધાયો હતો. વાતાવરણમાં ભેજની અસર તળે ઉકળાટ પણ અનુભવાયો હતો. દરમિયાન ઘણા દિવસો બાદ પૂર્ણ ઉઘાડનો માહોલ જોવા મળતાં રસ્તા અને ખેતરોમાં ભરાયેલાં પાણી ઓસરવા લાગ્યાં હતાં. ખેડૂતો સક્રિય બની વાવણીકાર્યમાં પરોવાયા હતા. હવામાન નિષ્ણાતોના જણાવ્યાનુસાર આગામી સપ્તાહ દરમિયાન ભારે વરસાદનો રાઉન્ડ આવે તેવી સંભાવના ઓછી દેખાઇ રહી છે, પણ બંગાળની ખાડીમાં સર્જાઇ રહેલી એક નવી સિસ્ટમની અસર તળે સંભવત: 17મી તારીખ બાદ વરસાદનો સાર્વત્રિક રાઉન્ડ આવે તેવા સંજોગો સર્જાઇ રહ્યા છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છના કસબીઓને એવોર્ડ

કચ્છની હસ્તકલાએ દેશ-વિદેશમાં ડંકો વગાડયો છે, ત્યારે કચ્છના ત્રણ કલાના કસબીઓને વર્ષ 2024ના રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા છે, જેમાં કચ્છમાં પ્રથમ વખત મશરૂ વણાટકામ માટેનો એવોર્ડ મળ્યો છે. વર્ષ 2024ના મશરૂ વણાટકામ માટે માંડવી તાલુકાના ડોણના ધોરિયા ભોજરાજ દામજીને અને ખરડ ડારી માટે મૂળ કુરન હાલે કુકમાના સામત

તેજશીને અને કચ્છી હસ્તકલાની શાલ માટે ભુજોડીના દિનાબેન રમેશ ખરેટને રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા છે.

---

## કેન્દ્રીય ગૃહમંત્રી સંવાદ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ નિમિત્તે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની માતાઓ, બહેનો અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા અન્ય કાર્યકરો સાથે સંવાદ કર્યો. શ્રી શાહે કચ્છ જિલ્લાના ઊંટ ઉછેરક માલધારી સહકારી મંડળી લિમિટેડના મિરલબેન રબારી સાથે પણ સંવાદ કર્યો હતો. સંવાદ દરમિયાન શ્રી શાહે જણાવ્યું કે દેશભરના ઊંટ પાલકો પાસેથી દૂધ એકત્ર કરી તેના ઔષધીય ગુણનો ઉપયોગ કરી ઊંચો ભાવ કેવી રીતે મળી શકે તે માટે ગુજરાત અને રાજસ્થાન સરકાર સાથે મળીને એક યોજના બનાવી રહી છે.

---